નમસ્કાર ગાંધીનગર

પમરાટ

પ્રેમના બે બોલ સાંભળવા અમે તરસી ગયા
એટલા તરસ્યા હતા કે, દર્દ ઘૂંટી પી ગયા !
- હિના શાહ 'મહેંદી'

પાથેય

- રમેશ ઠક્કર

ભીતરનો વાચક

પ્રત્યાયનની પરિભાષાના પણ અનેક આયામો છે.શબ્દનું પ્રાગટય થયું એ પહેલાં પણ અવાજો, ઈશારા, સંગીત, કે સૂરના સહારે માણસ અભિવ્યક્ત થયા કરતો હતો...એવું નથી કે વાણી કે અભિવ્યક્તિ એ જ માત્ર આપણા કથયિત્વયનાં વાહકો છે..કશુંક હવામાં પણ ઝીલાતું હોય છે...ભીતરે એનોય વાચક હોય છે..!

આજે શબ્દો છે..ઉપકરણો છે..અને શોર્ટ મેસેજ પણ છે.' એક જમાનામાં કૂવાકાંઠે કે કોઈ અજાણી કેડી ઉપર ઈશારા કે ઈંગીતોથી ઈતિહાસ રચાઈ જતા.. આંખો હી આંખો મૈં ઈશારા હો ગયા...બૈઠે બૈઠે જિનેકા સહારા હો ગયા...' જેવા ગીતમાં કમ્યુનિકેશન્સની રોમાન્ટિક અભિવ્યક્તિ થઈ છે.

બાળકના રુદન કે એના કિલકિલાટથી એની જરૂરિયાત કે મૂડ સમજી જતી માતા એ મનની ભાષાની યુનિવર્સિટી છે..આપત્તિમાં ફસાયેલા કોઈ માણસના ચહેરાની રેખાઓ પણ બ્રેઈલ લિપીથી કમ નથી ! કેટલાક વ્યવસાયો કે જાસુસી જેવાં કામોમાં તો સંકેતો જ સર્વોપરી હોય છે..હમણાં એક જગ્યાએ સોનીઓની પરિભાષા અને એના શબ્દો જોયા..જે એ લોકો જ સમજી શકે ! જે જાર્ગન કે ટર્મીનોલોજી પણ કહેવાય..પ્રેમીઓ તો આ બાબતમાં માહીર હોય છે. પનઘટ પાણી ગ્યાં હોય અને કોઈની નજરું લાગી હોય ત્યારે બેડલું ખાલીખમ રહી જાય પણ દલડું છલકાઈ જતું હોય છે..

આ તો વાત થઈ હદયના કોર્ડલેસ કમ્યુનિકેશનની પરંતુ વ્યવહારિક જગતમાંયે 'સમજદારને ઈશારો કાફી' એ વાત ડહાપણ ગણાય છે. લેંગ્વેજની સાથે બૉડીલેંગ્વેજનું પણ સમાંતર સામ્રાજ્ય રહેલું છે... શબ્દ થકીનું પ્રત્યાયન સચોટ હોય છે પરંતુ આંગિક અભિનયની અસરકારકતા પણ કમ નથી હોતી... ઘણીવાર એનો પટ વધારે પુષ્ટ હોય છે...

કાજળ ભરેલા નયનનાં કામણ અવ્યાખ્યાયિત હોય છે, અને એટલે જ એનાં કારણ કોઈને આપવાં ગમતાં નથી ! આધુનિકતાના પ્રાદુર્ભાવ સાથે વિજાણું ઉપકરણો..સોશ્યલ મિડિયા કે મુદ્રિત માધ્યમોની ભલે બોલબાલા હોય, તો પણ મૌનસંચારના કોમળ તાંતણે થતું આદાનપ્રદાન આજેય પણ અજેય છે...અંગભંગીની, મુખમરોડ, અણગમાની એકાદી લકીર કે અહોભાવની આછેરી અમીદ્રષ્ટિ ધાર્યું પરિણામ આપે છે..' બે આંખની શરમ" ની પણ આગવી અસરકારકતા હોઈ શકે..અરસપરસની આવી અભિવ્યક્તિ ના હોત તો આપણી હાલત કેવી હોત ?..માત્ર શબ્દો કે ભૌતિક આપલે એ શુષ્કતાનો ઘેરો હોય છે, પંરતુ કોઈકનો નાજુક ઈશારો જ એ જીવતરનો સાર્થક ફેરો હોય છે.

બજેટ સત્ર અને ચૂંટણીની 'મિલીભગત'

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટ સેશનનું મહત્વ દર્શાવતાં કહ્યું છે કે ચૂંટણીઓ તો આવતી રહેશે, પણ આપણી આર્થિક સુવ્યવસ્થાને અનુરુપ બજેટ મંજૂર થાય તે જરૂરી છે. એમની વાત સાચી જ છે. બજેટ સેશન ચાલવા દેવું જોઈએ અને એમાં બિનજરૂરી વ્યવધાનો ઊભાં કરી પ્રજાના પૈસાનો બગાડ ન જ થવો જોઈએ. જો કે વિપક્ષો એમની આદત મુજબ સંસદના સત્રનો હરહંમેશ રાજકીય લાભાલાભ જ વિચારતા હોય છે. આ સત્ર દરમિયાન પણ ખેડૂત આંદોલનથી લઈ પેગાસસ સુધીના મુદ્દાઓ સાથે વિપક્ષો સરકારને ઘેરવા તૈયાર બેઠા છે. દેશની અર્થવ્યવસ્થા અનેક કારણોસર ખાડે ગઈ હતી જે હવે ધીરે ધીરે સુધરી રહી હોવાના સંકેતો છે. કોરોનાએ આખી દુનિયાની સાથે આપણા દેશની પણ દુર્દશા કરી દીધી. આવા સંજોગોમાં પણ આપણું ગાડું સુપેરે ગબડતું રહ્યું એ જ ગનીમત છે. બેકારી અને ગરીબી સામેની લડાઈ કરતાં કોરોના વિરુદ્ધની લડાઈ સરકારને વધું અનુકૂળ રહી છે. રસીકરણ વિક્રમજનક સંખ્યામાં થઈ શક્યું છે જેના કારણે કોરોનાના ત્રીજા વેવમાં મૃત્યુઆંક ઘણો નીચો રહ્યો છે. જો કે કોરોના કેન્દ્ર અને રાજય સરકારો માટે નબળી કામગીરી છાવરવા માટેના બહાના તરીકે પણ ખપમાં લેવાઈ રહેલ છે. કોરોનાકાળ દરમિયાન આવેલ પાંચ રાજયોની ચૂંટણીઓ માટે ચૂંટણીઓ માટે ચૂંટણી પંચે મંજૂરી તો આપી દીધી પરંતુ પ્રચારકાર્ય માટે વિપક્ષોને મુશ્કેલી પડે એવા પ્રતિબંધો પણ મૂક્યા છે. વડાપ્રધાને ચૂંટણી જાહેર થાય તે પહેલાં જ મોટા ભાગના વિસ્તારોમાં એમની સભાઓ યોજી દીધી હતી. વળી વિકાસના કામોની પણ વણજાર ખડી કરી દઈ પ્રજાને ભારતીય જનતા પાર્ટી વાળવાની કોશિશ કરી છે. બજેટ સત્ર દરમિયાન ચૂંટણીવાળા રાજયો માટે જંગી વિકાસ યોજનાઓની જાહેરાત થાય તો એને આચારસંહિતાનો ભંગ ગણવો કે નહીં તે પ્રશ્ન રહેશે. દેખીતું છે કે મતદારાઓને બજેટમાં મળતી લોભામણી યોજનાઓ આકર્ષે જ. અત્યારે ઉતરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી પોતાની સત્તા જાળવી રાખવા આકાશપાતાળ એક કરી રહી છે. યુદ્ધ અને પ્રેમમાં બધું જ જાયઝ છે, એ મતલબના રૂઢિપ્રયોગનો પૂરેપૂરો અમલ સત્તાધારી પાર્ટી કરી રહી છે. મુખ્ય પ્રતિસ્પર્ધી સમાજવાદી પાર્ટીની સામે સામ, દામ, દંડ, ભેદની તમામ રીતરસમો અજમાવાઈ રહી છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશય યાદવ પ્રત્યે જનમત ઢળી રહ્યો છે એની ખબર પડતાં જ કેન્દ્ર સરકાર અને શાસક પક્ષ લડાયક મૂડમાં આવી ગયેલ છે. અખિલેશ યાદવના નાના ભાઈની પત્નીને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ કરવા ઉપરાંત એક સમયના મુલાયમસિંહ યાદવના સુરક્ષા અધિકારી અને વર્તમાન કેન્દ્રીય મંત્રી બઘેલ એકાએક અખિલેશની સામે ઉમેદવારી પત્ર ભરી આવ્યા છે. વળી માયાવતીએ અને કોંગ્રેસે પણ એમની સામે ઉમેદવારો મૂકીને અખિલેશ યાદવને ચક્રવ્યૂહમાં ઘેરી લીધા છે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના બેઉ નેતાઓ રાહુલ ગાંધી - અને અખિલેશ યાદવે કયારે હાથ મિલાવીને ચૂંટણી લડવાનો અખતરો કર્યો હતો પણ એમાં બેઉને સરિયામ નિષ્ફળતા સાંપડી હતી. મુસ્લિમ મતદારો અસ્કામત છે એટલા જ જવાબદારી પણ બની શકે છે. કૈરાનામાં ઘેર-ઘરે ફરીને ચૂંટણી પ્રચાર કરતાં ગૃહમંત્રી અમિત શાહે જાટ અને ભાજપનો જુગજૂનો સંબંધ સંભાર્યો ત્યારે હિંદુઓ અને મોગલોવાળો મુદ્દો જ ચૂંટણીનો મધ્યવર્તી મુદ્દો બની ગયો. ભાજપ પોતાનું ગોત્ર છેક મોગલશાસનકાળમાં હિંદુ ધર્મની રક્ષા ખાતર મેદાને પડેલી જાટ જાતિ સાથે સાંકળીને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કિસાન આંદોલનને કારણે સરકાર સામે ઊભા થયેલ નકારાત્મક જનમતનું સમાધાન શોધે છે. જાટ નેતા જયંત ચૌધરીને પાર્ટીમાં જોડાવાનું ખુલ્લું નિમંત્રણ આપી ખેલ પાડવાની કોશિશ થઈ પરંતુ પોતાનું નાનકડું સામ્રાજય 'રાષ્ટ્રીય લોકદળ' છોડવા કે એને ભાજપના સમર્થનમાં જોડવા જયંત ચૌધરી તૈયાર નથી. આખરે કેન્દ્રીય મંત્રીના જ દીકરાએ ખેડૂતો પર કરેલ ગોળીબાર વાળી ઘટનાના પડઘા હજી શાંત થયા નથી અને યોગી આદિત્યનાથના મુસ્લિમ વિરોધી વલણ સિવાય શાસક પાર્ટી પાસે પ્રજાને બતાવવા જોગ કશું જ નથી. હિંદુત્વના મુદ્દે કાશી-અયોધ્યા-મથુરાના મુદ્દા પરત્વે કે કાશ્મીર-તીન તલાકની પ્રતિક્રિયા લેખે હિંદુ બહુમતી અંકે કરવામાં ભાજપને ખાસ્સો પરસેવો પડી રહ્યા છે એટલે વ્યૂહાત્મક રીતે જાતિ સમીકરણો માંડી - મંડાવી ચૂંટણી જીતવી પડે એમ છે. પાંચ તબક્કામાં ચૂંટણી હોવાથી ચૂંટણીપંચ અનુકૂળતા મુજબ રેલીઓમાં સંખ્યા વધારવાની અને ઘેર ઘેર પ્રચાર કરવામાં પણ વધુ માણસો લઈ જવાની તબક્કાવાર છૂટ આપશે. એમાં ગણતરી તો શાસક પાર્ટીની તરફેણ કરવાની જ રહેશે એ બધા જ સમજે છે. છેલ્લું હાસ્ય તો ચૂંટણી પંચનું જ રહેતું હોય છે અને વર્તમાન ચૂંટણી કમિશન પાસે શેષાન - બ્રાન્ડ ઈમાનદારીની અપેક્ષા વધુ પડતી જ લેખાશે.

દિન મહિમા

● ૧૯૧૫માં આ જ દિવસે ભારતીય લેખક-પત્રકાર ખુશવંતસિંહને જન્મ થયો હતો. ટ્રેઈન ટુ પાકિસ્તાન જેવી નવલકથા અને પોતાના બિન્ધાસ્ત લખાણો માટે અતિ જાણીતા અને અત્યંત લોકપ્રિય આ લેખકને પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ જેવા સન્માનો મળ્યા છે.

આજનું
ઔષધ

● કોઠીના પાનનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી કાનના ચસકા મટે છે.

ખડખડાટ

● આજકાલ.... આડા ચાલનાર હિટ જાય છે. @ પુષ્પા

આજનો
વોટ્સએપ

● સાચા સમય પર પીવાય ગયેલો કડવો ઘૂંટડો ખરેખર આખી જિંદગીને મીઠી કરી આપે છે...

નાટ્યગૃહોના તક્ષા પર હથોડા ઝીંકાય રહ્યા છે

આપણામાંય ઘણાએ નાનપણથી કોઈને કોઈ થિયેટર (નાટ્યગૃહ) સાથે લગાવ રાખ્યો હશે. એ નાટ્યગૃહમાં નાટક આવે એટલે કોઈને કોઈ રીતે નાટક તો જોવાનું જ ! દરેક મોટા શહેરમાં કે તાલુકા વિસ્તારમાં આવું નાટ્યગૃહ હોય છે કે, જેની સાથે આપણને લગાવ હોય! માત્ર આપણને જ શું કામ ? કલાકારો, અભિનેતાઓ, પ્રકાશ આયોજન સંભાળનાર કે નેપથ્યના અન્ય કસબીઓને પણ એ નાટ્યગૃહ સાથે મમતા બંધાઈ જાય છે. હવે, એ નાટ્યગૃહો તોડવાની વાત આવે ત્યારે ? હા, સુરતનું 'ગાંધી સ્મૃતિ ભવન' અને મુંબઈનું 'ભાઈદાસ હૉલ' તૂટવા જઈ રહ્યું છે.

મુંબઈનું નાટ્યગૃહ છે. 'ભાઈદાસ' નાટકનો પ્રયોગ કલાકારોનો ઉત્સાહ બમણો હોય છે. કોરોનાને કારણે આ નાટ્યગૃહો બંધ રહે એ સ્વાભાવિક છે પણ એને કારણે તક્ષા પર હથોડાં ઝીંક્યા એ ક્યાંનો ન્યાય? એવું જ સુરતનું 'ગાંધી સ્મૃતિ ભવન' છે. છેલ્લા લાંબા સમયથી એ બંધ છે અને વાતો એવી ચાલતી હતી કે એનું સમારકામ કરવાનું હોવાથી બંધ રાખવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ દલીલ છે કે, 'સરદાર સ્મૃતિ ભવન' અને 'સંજીવકુમાર ઓડિટોરિયમ' છે એટલે હવે આ વર્ષો જૂનું, શહેરની મધ્યમાં આવેલું 'ગાંધી સ્મૃતિ ભવન' તોડી રહ્યા છે.

આ લખનાર સહિત સુરતના ઘણા કલાકારોની 'ગાંધી સ્મૃતિભવન' કે મુંબઈના 'ભાઈદાલ હોલ' સાથે સ્મૃતિઓ સંકળાયેલી છે. ગાંધીનગરના ટાઉન હોલ પણ ઘણા વખતથી બિસ્માર હાલતમાં છે. એના સમારકામના નામે હથોડા ઝીંકવામાં ના આવે એવી આશા રાખીએ પણ જેને શહેરના વર્ષો જૂના નાટ્યગૃહોને જમીનદોસ્ત કરવાની સરકારની નીતિનો કલાકારો દ્વારા વિરોધ થવો જોઈએ. નાટ્યગૃહો વર્ષો જૂના હોય એટલે એ સમારકામ માગી લે એ સ્વાભાવિક છે પણ સમારકામના નામે એનું અસ્તિત્વ જ મિટાવી દેવામાં આવે એ બરાબર નથી. જેને શહેરનું નાટ્યગૃહ એ શહેરની પણ ઓળખ સમાન હોય છે, સાંસ્કૃતિક વિરાસત હોય છે. આજે જે જાણીતા કલાકારો છે એમણે એ ઓડિયોરિયમમાંથી જ પાપા પગલી ભરીને પોતાનો મુકામ હાંસલ કર્યો હોય છે. આવા વિરાસત સમાન નાટ્યગૃહના તક્ષા પણ હથોડો ઝીંકવો કેટલો વ્યાજબી છે?

સુરત, ગાંધીનગર, રાજકોટ, અમદાવાદ, ભાવનગર વગેરે શહેરોમાં આવાં વર્ષો જૂનાં નાટ્યગૃહો છે. સરકાર નવાં નાટ્યગૃહો બનાવે એ આવકાર્ય છે પણ પછી એની હાલત 'જયશંકર સુંદરી' જેવી ન થાય એ પણ જોવું રહ્યું. સાથે સાથે આ વર્ષો જૂનાં ઓડિરોરિયમનું સમારકામ કરાવવામાં આવે નહીં કે હથોડો ઝીંકવામાં આવે ?

'એમ પણ બને કે....શબ્દ મળે નહીં વ્યક્ત કરવાં ખુદને ને મળે નજર રસ્તા વચ્ચે, ને પરિચય કુદરત આપી બેસે....'

જીવનનાં અમુક વર્ષે શા માટે એવાં પ્રશ્નો ઉદભવે કે
હું જીવન જીવવાની હિંમત કેળવી શક્યો કે શકી નહીં ?

કારણ આપણે જીવવાનું ભૂલી ગયાં છીએ. માત્ર જીવનને ક્ષણે ક્ષણ ટકાવવા મથતા આવ્યાં છીએ.

સાચું જીવવાનું ભૂલી આપણે બીજા શું કહેશે, કેવું લાગશે આવા બીજાના સર્ટિફિકેટ ભેગા કરતાં- કરતાં પોતાને શું ગમે છે એ જ ભૂલી ગયા.

''એમ પણ બને'' કે વર્ષો સુંધી જે વસ્તુને વ્યવસ્થિત કરતા આવ્યાં હોઈએ એ અસ્તવ્યસ્ત બનીને જ અલગ ઉપસી આવે.

કુંડામાં ઉગાડેલાં છોડમાં પાંદડું ખરી પડશે કયારેક એ યાતાનામાં કૂંપળ માંથી વિકસીને પાંદડા બનવાની એ જીવન યાત્રા ને આપણે મિસ કરતા આવ્યાં છીએ.

આવા અનેક જાતે જ ઉપસવેલા દ્રશ્યો જોતાં જોતાં આપણે જ અ દ્રશ્ય બની જતાં હોઈએ છીએ.

અમુક બનાવો જીવનમાં સાવ આમ જ અચાનક બની જતા હોય છે. અને આજ જીવન છે. અન સરટેઈન..

ઘણી વાર એમ પણ બને કે, સાવ અચાનક, અજાણતા જે સપને પણ ધારી ન હોય એવી ઘટના બને .

કવિ ની એક પંક્તિ યાદ આવી ગઈ કે....
એમ પણ બને! કે
સુક્કા-ભઠ્ઠ રણ ની બરોબર વચ્ચે,
કુંપળ એક લીલી ત્યાં-જ નીકળેપ
આપણે ધારી લઈએ એવું જીવન અઘરું હોતું નથી.
શા માટે કોઈના કહેવાથી આપણને ફર્ક પડે?
હું જાડી, કાળી, શ્યામ, ઉંચી, ગોરી, ભરાવદાર, જબરી, રમુજી આ બધા સર્ટિફિકેટ બીજાએ સમય સમય પર આપ્યા.

હવે સમય છે આ બધા સર્ટિફિકેટ ફાડીને પોતે શું છે એ સમજવાનો.

કારણ જીવનને વળગીને સાચી રીતે જીવવાને બદલે આપણે બીજાઓ જેવું, બીજાને ગમે એવું જીવવા કેમ લલચાયા.

આપણે સૌ પોતાની ઈચ્છા પ્રમાણે જીવતા નથી. બીજા શું કરે છે, બીજા શું કહેશે કે મારા વિશે શું અભિપ્રાય આપશે તેવી જ ચિંતા કરી પોતાને શું ગમે છે ક્યાંક મુકી આવ્યા છીએ.

મને શું ગમે છે યાદ નથી કદાચ , પણ હા સાસુને તુલસી વાળી ચા, પતિને તો ફૂલકા રોટલી જ ભાવે અને બાળકો તો જામ વગર બ્રેડ ખાય જ નહી, મારી નણંદ ને તો સિલ્કના ડ્રેસ જ ગમે. પણ મને ....? મને તો બધુ ચાલે. આ ચાલે અને ચલાવી લેવામાં જ ખરું જીવન જીવવાનું સ્ત્રી ગુમાવી બેસે છે, અમુક ઉંમરે પહોંચ્યા પછી આય હાય કેવું લાગે , આવું થોડું કરાય , ત્યાં જઈએ તો સારું ના લાગે. પોતાનાં પતિ સાથે હિચકામાં ચા પીવા પણ ખચકાટ અનુભવતી હોય છે અમુક સ્ત્રી.

વરસાદ પડે અને પતિ ઓફિસે હોય તો અમસ્તાં એક ફોન કેમ ના કરી શકે?

બસ અમસ્તા યાદ આવી ગઈ, કંઈ કામ હોય તો જ ફોન કરાય?

મરજી અને મુરજાવવું બંને કેટલું અલગ છે. કોઈની મરજીમાં મુરઝાઈ જવું કેટલા અંશે યોગ્ય છે.

જીવન છે જીવી લેવાનું , માંણી લેવાનું.

ચિત્ર દોરવા, અવનવી રસોઈ બનાવવી, કોઈ ક્રાફ્ટ કરવું , ગાર્ડનિંગ કરવું કરી લેવાની. જે કરવાથી ખુશી મળે, સ્ટ્રેસ ઓછો થાય એ કરી લેવાનું.

કોણ શું કહેશે, કેવું લાગે એ ચિંતા એક પોટલમાં બાંધી ક્યાંક મુકી દેવાની છે.

પોતાને માટે ગમતી ફ્લેવર્સ ની ચા મુકીને એકાદ ચુસકીનો આનંદ લઈ જુઓ. મજા આવશે.

પતિ માટે ,સાસુ માટે , બાળકો માટે , એમનાં મિત્રો માટે અને મહેમાન માટે મુકી હશે એટલા જ હોંશથી પોતાનાં માટે મુકી જુઓ.

એક વિચાર , એક કલ્પનાથી જો અવ્યક્ત લાગણીઓ ઉભરી આવતી દેખાય તો બધાં સંકોચ બાજુપર મુકી કંડારો અને જીવનની મજા માણી લો.

દરેક વ્યક્તિ ક્યાંકને ક્યાંક કવિ હદય ધરાવતું હોય છે, લાગણીશીલ માણસ કશુંક ગુનગુનાઈને મનનો ઉભરી ઠાલવી દેતો હોય છે .

પોતાની સાથે પોતાને ગમતી પ્રવૃતિ કરવાથી
માણસ હતાશા ખંખેરી શકે છે.

આપણાં જીવન અને મૃત્યુની સફર માં ખુશી કેટલી અને ચિંતા કેટલી વગર કામની એનો હિસાબ લઈએ તો ખબર પડે કે આપણે જીવનને માણ્યું જ નથી.

આપણાં જીવનની સફરમાં આપણે હોતા જ નથી હોય છે બીજાં લોકો માત્ર.

એમ પણ બને કે આપણાં જેવું જીવન જીવવા બીજા લોકો પ્રાર્થના કરતાં હોય અને આપણને આપણું જીવન મુશ્કેલી ભર્યું લાગતું હોય.

સમગ્રલક્ષી દષ્ટિકોણથી જ સારું પરિણામ આવે છે

કૌશલ ભણવામાં ખુબ હોંશિયાર હતો. શહેરની ખુબ જાણીતી શાળામાં ભણતો હતો. તેના પિતા ખેડૂત હતા તે ગામડા રહેતા હતા.

શહેરમાં હોસ્ટેલમાં રહેતા કૌશલને અચાનક જ ગામડે જવાનું થયું કારણ કે શહેરમાં કોરોના વાયરસના કેસો વધી જતાં શાળાઓ અને હોસ્ટેલ બંધ થઈ ગઈ હતી.

કૌશલને ગામડાનું વાતાવરણ ગમ્યું. પંખીઓના કલરવથી થતી સવાર અને આંગણામાં મંદ મંદ પવનની લહેરખીથી તે ખુશ થઈ ગયો. તેની મમ્મીએ કહ્યું, 'બેટા, તું કયારેય આપણી વાડીએ ગયો નથી. આજ જઈ આવ.'

'કેમ ? ત્યાં શું છે ?'

'ભાઈ, વાડીમાં જામફળ, સીતાફળ, ચીકુ અને આમળાંના બહુ બધાં ઝાડ છે.' તેની મોટી બહેને કહ્યું.

'મારે તે જોવા જવું છે. પણ કંઈ રીતે જઉં ?'

'હમણાં માળી કાકા આવશે તેમની સાથે જજે' તેની મમ્મીએ કહ્યું.

'ભલે, તો હું જવા તૈયાર થઈ જાઉં છું.' કૌશલ બાથરૂમમાં ગયો. તે બહાર નીકળ્યો ત્યારે માળી કાકા આવી ગયા. તેમની સાથે વાડીએ જવાએ નીકળી પડ્યો.

વાડીમાં જુદા જુદાં વૃક્ષો પર લચી પડતાં ફળો જોઈ તે રાજી રાજી થઈ ગયો.... પણ તેને કાંડાની વાડ બિલકુલ ન ગમી. તેણે કહ્યું 'માળી કાકા, આ શું ? આટલાં સરસ મીઠાં, મધુર, અને સુગંધીત ફળોનાં બગીચાની આ વાડ બિલકુલ સારી લાગતી નથી. તમે કાંટાની આ વાડ કાઢી નાંખો.'

માળીએ કહ્યું, 'કૌશલભાઈ તમે હજુ નાના છો. તમને અનુભવ નથી. આ કાંટા નહીં હોય તો વાડીમાં એક પણ ફળ રહેશે નહીં.'

કૌશલે કહ્યું, 'આ ફળફળાદીની આજુબાજુ કાંટાની વાડ બિલકુલ ખરાબ લાગે છે. તેનાથી વાડીની રમણીયતા નષ્ટ થઈ રહી છે. તેને તાત્કાલિક હટાવો.'

માળીકાકા બિચારા શું કરે. ખેતર માલિકનો દીકરો જેમ કહે તેમ તેને તો કરવું જ પડે. તેને વાડ કાઢી નાંખી. વાડ નીકળી ગઈ તે સાથે બે-ત્રણ દિવસમાં ઝાડ ઉપરનાં ફળો દેખાતાં બંધ થઈ ગયાં. જે વટેમાર્ગુ નીકળે તે ફળો તોડતો જાય. ખવાય તેટલાં ખાય બીજાં તોડીને ઘરે લઈ જાય. આમ વાડી ઉજ્જડ થઈ ગઈ.

કૌશલની મુર્ખામીથી સબક લઈ તેના પાડોશીએ નક્કી કર્યું કે મારે વાડી બનાવવી છે પણ હં તેના રક્ષણ માટે ખાસ ધ્યાન આપીશ. તેણે ખૂબ વિચારીને દિવાલ બનાવવાનું નક્કી કર્યું. તેણે દિવાલ એટલી મજબૂત બનાવી કે કોઈ તેમાં પ્રવેશ કરી શકે નહીં.

તેણે ઊંચી અને સુદઢ દિવાલ તો બનાવી દીધી પણ વાડીમાં જે છોડ વાવ્યા હતા તેના તરફ બિલકુલ ધ્યાન ન આપ્યું. વાડીની દિવાલ એટલી સુરક્ષિત હતી કે તેમાં કોઈ માણસ કે પશુ પ્રવેશી ન શકે. પણ ફળ ફળાદીના છોડવાઓ ને જરૂરી ખાતર, પાણી ને અભાવે છોડવાઓ પર ફળ લાગ્યા જ નહીં.

આ બે ઘટનાઓ તમારી સામે છે.તેનો નિષ્કર્ષ એ છે કે મૂળ પર ધ્યાન આપવું કે માત્ર વાડ પર ધ્યાન આપવું તે એકાંગી દષ્ટિકોણ છે. ફક્ત ખાતર, પાણીથી ઉછેર કરવાનો દષ્ટિકોણ અધુરો છે. તો માત્ર રક્ષણનો દષ્ટિકોણ પણ પરિપૂર્ણ નથી, જયારે સારો ઉછેર અને માનવજાત સાથે સંરક્ષણની બાબતે પણ પૂરું ધ્યાન અપાય ત્યારે જ તેનું સારું પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

સમગ્રલક્ષી દષ્ટિકોણથી જ સારું પરિણામ આવે છે.

લાગણીઓ એ જીવાડ્યો અને એ જ લઈ ગઈ કબર સુધી!

વિશ્વ આખુ ખુબ ત્રસ્ત થઈ ગયું છે અને મહામારી કોરોના એ તેના બદલાતા સ્વરુપે બધાને જાણે કે બાનમાં લીધા છે. ભારતમાં ત્રીજી લહેર અને ઓમિક્રોનથી ઘણા લોકો સંક્રમિત થયા અને હજી તેના નવા નવા વેરિએન્ટ જાહેર થઈ રહ્યા છે છતાં હવે ઘાતકતામાં કમી આવી અને રસીકરણથી જીવ બચી રહ્યા છે. બુસ્ટર ડોઝ તથા નાના બાળકોના ડોઝ પણ શરૂ થઈ ગયા છે જે જીવન બચાવમાં અવશ્ય કામ કરશે તે નક્કી છે પરંતુ લોકો હવે ત્રાસી તો ગયા જ છે કેમ કે વાઈરસમાંથી આવી જશે તે કંઈ ખબર પડતી નથી ! ભૂતકાળમાં રુપ બદલતા રાક્ષસોની વાત હતી તેની જગ્યા હવે આ વાઈરસે લઈ લીધી છે તેવું દરેકને લાગી રહ્યું છે. જીવન હશે તો બધું જ સાર્થક થશે એમ સમજીને પણ બધા હવે રસી લેવા તૈયાર છે અને આ ક્ષેત્રમાં બધું કામ થઈ રહ્યું છે તે આનંદની વાત કહી શકાય. ક્રમશઃ કોરોના એક સામાન્ય બિમારીના રુપમાં પરિવર્તન થઈ જશે તે નક્કી જણાય છે પરંતુ આ સંક્રમણથી દુનિયા કંટાળી ગઈ છતાં તેના બનાવનાર રાષ્ટ્ર કે સજા કરવાની વાત ઉપર કશું કોઈ બોલતું નથી. આ કેમિકલ વેપન વાપરનાર રાષ્ટ્ર દંડને પાત્ર અવશ્ય છે પરંતુ અંતે તેવું લાગે છે કે ઈશ્વરની મરજી વિના કુમતિ પણ ઉત્પન્ન થઈ શકતી નથી ! જીવનના આ સમયરુપી સમુદ્રમાં બધા અંતે તો લાગણીનાં લહારે જ જીવતા હોય છે. રૂક્ષતા એ જ અંત પ્રત્યેની નિશાની છે. બે મીઠા વચન સાંભળતા શક્તિનો સંચાર થઈ જતો હોય છે કારણ કે શબ્દ એ બ્રહ્મ છે એ જ બળ છે જેને આપણે વિશાળ અર્થમાં ઈમ્યુનિટી તરીકે જાણીએ છીએ. વેદના નહિ ગમતી બાબત છે તો સંવેદના એ પ્રત્યેક વ્યક્તિની અપેક્ષા છે. સ્નેહ નવી તો સંવેદના પણ નથી જ!! અમૃત ઘાયલનો શૅર સમજવા જેવો છે.

લાગણીનું એક ખીલ્યું છે કમળ
એ જ તો મહેફિલ તણો આધાર છે
ઉત્સવોની રાહ હું જોતો નથી
તું મળે બસ એટલે તહેવાર છે.

લાગણીઓની જગ્યાએ દંભી વ્યવહારો, તકલાદી શબ્દો અને નાણા ગોઠવાઈ ગયા છે એટલે જ લોકો હંમેશા અંદરથી નબળા, અતૃપ્ત અને કઠોર રહ્યા કરે છે મકાન પાકા અને વચનો કાચાનો આ યુગ છે જયાં હાસ્ય પણ નકલી અને રૂદન પણ બનાવટી પછી કોને સાચી લાગણી મલ્યાનો આનંદ થાય ? આ ચિંતનનો મુદ્દો છે.

જીવનમાં જો સ્પંદનો નથી તો આંતરિક ભિનાશ સૂકાઈ જાય છે જે નક્કર વેદના તરફ વ્યક્તિને લઈ જાય છે. જયાં ડૉલરમાં કમાણી મળે છે તેવા દેશોમાં જનારા લોકોને દિલમાં એક વેદના કાયમી રહે છે અને એ છે લોકોની લાગણીઓની ખામી ! માણસને જે હૂંફ અને સ્નેહ મળે તે માનવો તરફથી મળે તેની જ કિંમત હોય છે. માનવી ને માનવીનું પણ ઘણીવાર વ્યસન થઈ જતું હોય છે એટલે શાબ્દિક પ્રહાર હથિયારથી પણ વધુ ખતરનાક કહેવાય છે પણ અહીં વાત કરવાની છે લાગણીઓ વિશે.... લાગણીઓ માટે માંગણીઓ હંમેશા વ્યર્થ હોય છે, એ સ્વયંભૂ પ્રગટે એ જ સાર્થક હોય છે. કૃષ્ણ પ્રેમનું સ્વરુપ છે, એ સ્વયંભૂ પ્રગટે એ જ સાર્થક થાય છે. કૃષ્ણ પ્રેમનું સ્વરુપ છે અને રામ મર્યાદા સાથે અનુપાલનનું સ્વરુપ છે! જયાં લાગણીઓ જ સૂકાઈ જાય ત્યાં સંબંધો સૂકા ઠૂઠા જેવા વૃક્ષ બનીને રહી જાય છે. કોઈની સાચી પ્રશંસા કે વખાણ કરવા જ હોય તો બેસણા સુધી વિલંબ કદી ના કરાય એ જ સાચો વ્યવહાર ગણાય જે દુઃખ પર કંઈ લખી નથી શકાતું એ દુઃખ જ સૌથી વધુ દુઃખી કરે છે. સુખ વ્યક્ત આપોઆપ થઈ જવા તત્પર હોય છે. માત્ર સંગતની કક્ષામાં તફાવત રહે છે.

જીંદગીની હકિકત કો બસ
હમને ઈતના હી જાના હૈ
દર્દ મેં અકેલે હૈ ઔર
ખુશિયોં મે સારા જમાના હૈ

વનવાસના કપરા સમયમાં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીએ બધાને ખુબ જ લાગણીઓ આપી તૃપ્ત કર્યા પછી એ શબરી હોય કે અહલ્યા હોય કે વાનરસેના હોય અને એ જ એમની સાચી જીત છે. યુદ્ધ તો માનવ દિમાગમાં સતત ચાલતું હોય છે! સત્યને સાથ આભમાંથી પણ મળી જાય છે છતાં અસત્ય તરફ માણસ ખેંચાઈ જાય છે. સત્ય ટૂંકુ પણ મજબૂત હોય છે જેવી રીતે મૌન પ્રભાવી હોય છે. લાગણીની ભૂખ આજીવન પ્રત્યેક સજીવને રહે એ જ ભાવ વિશ્વની ઓળખ છે. લાગણી વ્યક્ત કરવામાં કંજૂસાઈ કરનાર સ્વયં રૂક્ષ થઈ ને જીવન પીડિત કરે છે. બીજું લોહીના સંબંધમાં જ લાગણી પ્રગટે એ માન્યતા તદ્દન ખોટી છે.સ્નેહનું પ્રાગટ્ય એ સહજ રીતે થાય તે સાચી સાંત્વના આપી શકે છે. સહનશક્તિના મૂળમાં કાઈકનો સ્નેહ અવશ્ય હોય છે જે સંઘર્ષ કરવાની તાકાત આપી જાય છે!

કોઈ દિલ કી ખુશી કે લિયે
તો કોઈ દિલ્લગી કે લિયે
હર કોઈ પ્યાર ઢૂંઢતા હૈ યહાં
અપની તન્હા સી જિંદગી કે લિયે

આ દુનિયાના રંગ હજાર છે માનવીઓ અનેક છે તેમા થી સાચી લાગણીઓ પ્રાપ્ત કરવી એ કપરું કાર્ય છે. સાચી લાગણીઓ હંમેશા વારંવાર દુભાય છે જયારે ખોટી હમદર્દી હંમેશા વખણાય છે માટે જાગૃત બનીને વ્યવહાર કરવા તકેદારી લેવી પડે છે. અહીં આજે પણ મંથરાઓ જીવી રહી છે તો રાવણદહન દર વર્ષે કરીએ છીએ જેને ઊભો કરવામાં આપણે જ હોવાનું જાણવા તૈયાર નથી ! રામ રામ કરવાથી ઉદ્ધાર થતો નથી જીવનમાં ઉતારવા પડે છે અહીં રામને એ યાદ રહેતું નથી.લાગણી જીવાડે છે અને તેનો અભાવ મરણ સુઈ લઈ જાય છે અને મનોરોગના કિસ્સાઓમાં આ કારણ જ જોવામાં આવે છે. જીવનને ધન્ય બનાવવામાં સચ્ચાઈ સાથે સંવેદનાઓ અવશ્ય જોઈએ.

શેર આસ્વાદ :
જીંદગીના રસને પીવામાં કરો જલદી મરિઝ
એક તો ઓછી મદીરા છે ને ગળતું જાય છે.